જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૭૩૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૧૧૫ લીટર દેશી દારૂ, ૬ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૭૩૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૮ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની કોશિશની ફરીયાદઃ-  સમાચાર યાદી નં.૧૭૪૦/૧૬

**નિકોલ**ઃ હસમુખભાઇ આનંદરાવ મરાઠી (ઉ.વ.૩૫) (રહે.સ્વામી વિવેકાનંદનગર,મંગલ પાન્ડે હોલની સામે,મનમોહન ચાર રસ્તા પાસે,નીકોલ) એ નિકોલ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૯/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે આરોપી ગરીબદાસ રામચંદ્ર કોષ્ટી (રહે.મંગલ પાન્ડે હોલની સામે,રોડ ઉપર, નિકોલ) એ હસમુખભાઇ મરાઠીના ભાઈ ધનશ્યામભાઇ (ઉ.વ.૪૦) સાથે પૈસાની લેતી દેતી બાબતે ઝઘડો કરી ધારદાર ચપ્પુથી પેટના ભાગે ડાબી બાજુ જીવલેણ ઘા મારી જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. ઈજાગ્રસ્ત ધનશ્યામભાઈને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

**ઉપરોક્ત ગુનાના કામે નિકોલ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.**

## દુષ્પ્રેરણની ફરીયાદઃ-  સમાચાર યાદી નં.૧૭૪૧/૧૬

કૃષ્ણનગરઃ કેશવસિહ કાયમસિહ ચોહાણ (રહે. શાંતિનિવાસ વિજયમીલની પાસે નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કેશવસિહ ચોહાણની પુત્રી સપનાબહેન પ્રદિપસિહ તોમર (ઉ.વ.૩૦) (રહે. ગૌરવ ફ્લેટ ઠક્કરનગર) ના મામા સસરા સ્વતંત્રસિહ હાકીમસસિહ ચોહાણ (રહે. ગામ.પરીખ તાલુકો જીલ્લો મેજપુરી યુ.પી.) પોતાની પુત્રીના ઘરે આવી શારીરીક અને માનસીક ત્રાસ આપતા હોઈ સપનાબહેનને મનમા લાગી અવતા સાસરીમાં તા.૨૨/૯/૧૬ કલાક ૨/૫૦ વાગ્યા પહેલા બારી સાથે દુપટ્ટો બાંધી સપનાબહેને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૨/૧૬**

**ચાંદખેડાઃ** પ્રશાંત અમરસિંહ સોલંકી (ઉ.વ.૧૯) (રહે. રવી હોસ્ટેલ ગ્રીનવુડ રિસોર્ટ વૈષ્ણવદેવી સર્કલ પાસે સરદારપટેલ રીંગ રોડ) તા.૨૦/૯/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે એસ.જી. હાઇવે મારુતીનંદન હોટલ સામે પ્રશાંત મિત્ર મિહીર સાથે ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના બજાજ પલ્સર ૨૨૦ સીસી મોટર સાયકલ ઉપર બે પુરૂષ (આશરે ૨૦ થી ૨૫ વર્ષના આશરાના) પ્રશાંત અને તેના મિત્ર મિહીરને છરી કાઢી મારવાની ધમકી આપી તમારી પાસે જે હોય તે આપી દો તેમ કહીં પ્રશાંતના મિત્ર મિહીર પાસેના જુદીજુદી કંપનીના ત્રણ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૮,૦૦૦/- મત્તાની લુંટ કરી પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રશાંત સોલંકીએ તા.૨૨/૯/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**ઉપરોક્ત ગુનાના કામે ચાંદખેડા પોલીસે આરોપી (૧) મહાવિર ઉર્ફે હુકમ પ્રકાશભાઈ અને (૨) દેવેન્દ્ર ઉર્ફે દેવા લાલસિહ રાવ (બન્ને રહે.સેક્ટર-૬ ચાણક્યપુરી ઘાટલોડીયા) ની ધરપકડ કરી મુદ્દામાલ રિકવર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.**

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૩/૧૬**

**રીવરફ્રન્ટ ઈસ્ટઃ** હેમંત વર્ગીશ માડાપુલી (રહે. સીધ્ધી વિનાયક હાઉસીંગ સોસાયટી કે.એસ.બી.ચોક ચીચવડ એમઆઇડીસી શાહુનગર પુના શહેર મહારાષ્ટ્ર) એ તા.૨૨/૯/૧૬ નારોજ રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૯/૧૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા હેમંત વર્ગીશ માડાપુલીના ટ્રેલરના ડ્રાઇવર તરીકે રાખેલ આરોપી રમેશકુમાર શ્રીસુરેન્દ્રભાઇ (ઉ.વ.૩૮) (રહે. વિહાઇ કોલોની ઝાસી તાલુકો જીલ્લો ઝાસી ઉત્તરપ્રદેશ) સુભાષબ્રીજ કેશવનગર રેલ્વેબ્રીજ દશામાના મંદિર નજીકથી ટાટા કંપનીનુ ટ્રેલર નંબર એનએલ ૨ એલ ૪૫૩૬ કિમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ શ્રી ડી.વી.બલદાણીયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૪/૧૬**

બાપુનગરઃ સંજયકુમાર હિરાલાલ માલવીયા (રહે. મુક્તિધામ સોસાયટી મહાવિરનગર હિરાવાડી બાપુનગર) એ તા ૧૭/૯/૧૬ રાતના ૯/૦૦ વાગે પોતાંની ઈકો ગાડી નંબર જીજે ૧ આરઈ ૧૯૩૯ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- રહેણાંકના પાર્કીંગમાં પાર્ક કરી હતી. જેની ચોરી તા ૧૮/૯/૧૬ કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સંજયકુમાર માલવીયાએ તા.૨૨/૯/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ખુમાનસિંહ જસવંતસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>લકઝરી બસમાંથી પડી જતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૪૫/૧૬</u>**

**જીઆઈડીસી વટવાઃ** બિકેશ શિવકુમાર જોષી (ઉ.વ.૪૨) (રહે.ધીરજ હાઉસીંગ મણીનગર) તા.૧૮/૯/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે રામોલ બી.એસ.એન.એલ ટાવર પાસે ચાલુ લકઝરી બસે દરવાજામાંથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.૨૧/૯/૧૬ સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ. ઠાકોર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)